# વર્તમાન પ્રવાહની આર-પાર

## 06-01-2019

## સંપૂર્ણ, સરળ, વિશ્વસનીય

## Most Imp ટોપીકની ચર્ચા

Video By - Dilip Sadatiya

# મમતા બેનર્જી
## 5 January...

- આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી નો જન્મ દિવસ
- ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ ના અધ્યક્ષ
- ☞પશ્ચિમ બંગાળ વિશે..
- ➽ પાટનગર : કોલકતા (જે ભારતનાં પ્રથમ ચાર મહાનગરોમાંનું એક મહાનગર છે.)
- ➽ કોલકાતાને "ભારતની સાંસ્કૃતિક રાજધાની" તરીકે ઓળખવામાં આવે છે.
- ➽ મુખ્યમંત્રી : મમતા બેનરજી (દીદી હુલમણુ ના છે.)
- ➽ રાજ્યપાલ : કેસરીનાથ ત્રિપાઠી
- ➽ રાજ્ય સરહદ : ઓડિશા, ઝારખંડ, બિહાર, સિક્કીમ અને આસામ (૫ રાજયો)
- ➽ દેશ સરહદ : નેપાળ, ભૂટાન, બાંગ્લાદેશ (૩ દેશ)

Active Classes
CREATE YOUR FUTURE

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# ક્રાંતિકારી બારીન્દ્રકુમાર ઘોષ

- બારીન્દ્રકુમાર ઘોષનો  જન્મદિવસ છે (1880)
- ☞20મા સૈકાના પ્રારંભે જ  ક્રાંતિકારી આંદોલનોમાં  સક્રિય થનાર બારીન્દ્ર કુમાર ઘોષ બારીન ઘોષ તરીકે પણ જાણીતા છે.  બારીન્દ્રનો જન્મ ઇગ્લેન્ડમાં  લંડન પાસે ક્રોયડન ખાતે  થયો હતો.
- ☞ ડોક્ટર પિતા  અને બહ્મોસમાજી માતાના  આ પુત્રએ શિક્ષણ દેવગઢ  અને પટનામાં લીધું હતું.
- ☞ શ્રી અરવિંદના  પ્રભાવમાં તેઓ ક્રાંતિકારી વિચારો તરફ  ખેંચાયા હતા. વડોદરામાં લશ્કરી તાલીમ પણ લીધી હતી.
- ☞1902માં ક્રાંતિકારી ગતિવિધિઓમાં ઝંપલાવનાર બારીન્દ્ર ઘોષ 1906માં 'યુગાન્તર' પત્રના સ્થાપક બન્યા હતા. યુગાન્તર નામથી સંસ્થા પણ  ઊભી કરી હતી.
- ☞અલીપુર કાવતરા કેસમાં  તેમની ધરપકડ થઇ. આ કેસમાં પ્રથમ  તેમને ફાંસીની સજા થઇ  પછી તે સજા જન્મટીપમાં  ફેરવવામાં આવી. જે તેમણે  અંદામાનની સેલ્યુલર જેલમાં  કાપી
- ☞1920માં છૂટ્યા પછી પત્રકારત્વ શરૂ કર્યું અને  અરવિંદની આધ્યાત્મિકતાથી પ્રભાવિત રહ્યા હતા.
- ☞બારીન્દ્ર ઘોષે દીપાંતર  વંશી, પાથેર ઈંગિત, અમર આત્મકથા,  અગ્નિજુગ અને શ્રી અરબિંદો, tale of  my exile જેવા પુસ્તકો લખ્યાં છે.
- ☞ દેશની આઝાદીનું સ્વપ્ન સેવનાર બારીન્દ્રકુમારનું 18 એપ્રિલ 1959માં અવસાન થયું હતું

Active Classes
CREATE YOUR FUTURE

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses.  SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે  Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# અભિનેત્રી દીપિકા પાદુકોણ

- ☞1986 દીપિકા પાદુકોણનો જન્મદિવસ
- —.ભારતીય ફિલ્મી અભિનેત્રી
- —જીવનસાથી:-રણવીર સિંહ
- —બેડમિંટન ખેલાડી પ્રકાશ પાદુકોણની પુત્રી પાદુકોણેનો જન્મ કોપનહેગનમાં થયો હતો
- —હોલીવુડમાં તેની પ્રથમ પ્રોજેક્ટ એ એક્શન ફિલ્મ xXx: રીટર્ન ઓફ ઝેન્ડર કેજ (2017) સાથે આવી
- —2006 માં કન્નડ ફિલ્મ ઐશ્વર્યાના શીર્ષક પાત્ર તરીકે અભિનયની શરૂઆત કરી
- —લાઇવ લવ હોફ ફાઉન્ડેશનના સ્થાપક છે

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# ચર્ચિત મુદ્દાઓ...



# મિસ્ટર ટ્રમ્પ, અફઘાન પ્રજાનું જીવન પાટે ચડાવવામાં ભારતનો મોટો ફાળો છે

કેટલાક નેતાઓ પોતાની અવનતિ માટે પોતે જ જવાબદાર હોય છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ આવા જ એક નેતા છે. તેઓ પાકું હોમવર્ક કર્યા વિના અને વિચાર્યા વગર કાંઈ પણ બોલી નાખે છે. પરિણામે એમના ટકા ઘટે છે. ટ્રમ્પે ભારતે અફઘાનિસ્તાનમાં બાંધેલી પાર્લામેન્ટની [illegible] લાઈબ્રેરી ગણવાની ભૂલ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઠેકડી ઉડાડવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકી પ્રમુખે કેબિનેટની બેઠકમાં એવી ટિપ્પણ કરી હતી કે યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાં પુસ્તકો કોણ વાંચવાનું હતું. એક પુસ્તકાલય બનાવવા જેટલો ખર્ચ તો અમેરિકા અફઘાનિસ્તાનમાં ફક્ત પાંચ કલાકમાં કરી નાખે છે. અફઘાનિસ્તાનની સુરક્ષાની જવાબદારી હવે તેના પાડોશી દેશોએ ઉપાડી લેવી જોઈએ એમ કહીને ટ્રમ્પે ભારતને કાબુલમાં પોતાનાં લશ્કરીદળ મોકલવા ઈજન આપ્યું હતું. અત્રે નોંધવું જોઈએ કે હાલ અફઘાનિસ્તાનમાં યુએસનાં ૧૪ હજાર સૈનિકો છે, જેમાંથી અડધાં ટ્રમ્પે પાછાં બોલાવી લેવાની ઘોષણા કરી છે. આ નિર્ણય બદલ પ્રમુખ ટ્રમ્પની ઘરઆંગણે ટીકા થઈ રહી છે. રાજકીય નિરીક્ષકોના મતે અડધોઅડધ દળો પાછાં બોલાવીને ટ્રમ્પ અફઘાનિસ્તનને નોધારો બનાવી રહ્યા છે. સૌ જાણે છે કે દાયકાઓથી યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાં હજુ સુધી શાંતિનો સુરજ પૂરેપૂરો ઊગ્યો નથી. તાલિબાન અને અલ-કાયદા જેવાં આતંકવાદી સંગઠનોનું જોમ ઓછું નથી થયું. તેઓ ધારે ત્યારે અને ધારે ત્યાં હુમલો કરી ખાનાખરાબી સર્જી શકે છે. છતાં ટ્રમ્પ અમેરિકન પ્રજાની વાહવાહી મેળવવા કાબુલમાંથી પોતાનાં સૈનિકોને પાછાં બોલાવવા માગે છે. પોતાના નિર્ણયને યોગ્ય ઠરાવવા તેઓ બીજા દેશોને દોષિત ઠરાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. એમણે કેબિનેટ મિટિંગમાં કહ્યું હતું કે, અમેરિકા અફઘાનિસ્તાનમાં કરોડો ડોલર ખર્ચી રહ્યો છે પણ એની સરખામણીમાં અફઘાનને એના પાડોશી રાષ્ટ્રો તરફથી પૂરતી

# ચર્ચિત મુદાઓ...

- ▪ભારત કયા દેશને  ત્રણ અબજ ડોલરના યોજનાઓ પર કામ કરી રહ્યું છે?
- ✔અફઘાનિસ્તાન**
- ✔ભારત અફઘાનિસ્તાનમાં ઝારંજથી દેલારમ સુધી 218 કિમી. લાંબો રસ્તો બનાવી રહ્યુ છે**
- ✔અફઘાનિસ્તાનનો સલમા બંધ પણ ભારત બાંધી રહ્યો છે**
- ✔અફઘાનિસ્તાનમાં સંસદ બનાવવામાં પણ ભારત મદદ કરી રહ્યું છે**
- ✔કાબુલની પીવાના પાણીની સમસ્યા નિવારવા શાહતૂત બંધ ભારત બનાવી રહ્યુ છે**
- ✔અફઘાનિસ્તાનના બામયાન પ્રાંતમાં બંદ-એ-આમિર સુધી કનેક્ટિવિટી વધારીને પ્રવાસનને ઉત્તેજન આપવાની યોજના પણ ભારતની દેખરેખ હેઠળ થઈ રહી છે*

# ચર્ચિત મુદાઓ...

શીપીંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ બહાર પાડયા ટેન્ડર

## હવે દિવ અને દમણ વચ્ચે રો-રો ફેરી સર્વિસ ચાલશે

। રાજકોટ ।

અગાઉ પણ ગુજરાતવાસીઓના દસકા જુનું ઘોઘ-દહેજ રો-રો ફેરીનું સ્વપ્ન પૂર્ણ કરવામાં આવેલ છે ત્યારબાદ હવે ભારત સરકાર દમણ-દીવ-દમણની રો-રો ફેરી કાર્યરત કરવા જઈ રહી છે તથા આ માટે ભારત સરકારના શીપીંગ કોર્પોરેશન દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.આ રો-રો ફેરીના આરંભથી હાલનું ૬૧૫ કી.મી.નું અંતર ઘટીને માત્ર ૧૯૬ કી.મી.થઈ જશે તથા હાલ ૧૦ કલાક જેટલો સમય લાગે છે તે ઘટીને માત્ર બે કલાક થઈ જશે

આ અંગેની વિગતો આપતા કેન્દ્રીય મ્શીપીંગ મંત્રી મનસુખભાઈ માંડવીયાએ જણાવેલ હતું કે ગુજરાતનો દરિયાકાંઠો દસકો સુધી ઉપેક્ષિત રહ્યો છે અને ગુજરાતના દરિયાકાંઠાને વિકાસનું માધ્યમ બનાવેલ છે.રો-રો ફેરી સુવિધાથી ગુજરાતના વિકાસને બળ મળશે જ સાથે સાથે સ્થાનિક રોજગારી સાથે ઈંધણ અને સમયની પણ બચત થશે.દમણ-દીવ રો-રો ફેરી માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ હોય,આગામસમયમાં આ સુવિધા મળતા ગુજરાતની યશ કલગીમાં એક નવા યાઆમનો ઉમેરો થહે તેમ અંતમાં જણાવ્યું હતું

**ઘોઘા-દહેજ બાદ ગુજરાતને વધુ એક રો-રો ફેરીની સુવિધા મળશે**

માઉન્ટ વિન્સન પર પહોંચનારી સૌપ્રથમ દિવ્યાંગ મહિલા બની

# અરૂણિમાએ એન્ટાર્કટિકાના સૌથી ઉંચા શિખરને સર કરી ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૪

એવરેસ્ટના શિખર પર પહોંચનારી વિશ્વની સૌપ્રથમ દિવ્યાંગ મહિલા તરીકેનો વિશ્વવિક્રમ સર્જનારી ભારતની અરૂણિમા સિન્હાએ એન્ટાર્કટિકાના સૌથી ઉંચા શિખર - સેંટ. વિન્સન - ને સર કરીને ઈતિહાસ રચી દીધો છે. આ સાથે તે સેંટ. વિન્સન પર પહોંચનારી વિશ્વની સૌપ્રથમ દિવ્યાંગ મહિલા બની ગઈ છે.

## અરૂણિમા એવરેસ્ટ પણ સર કરી ચૂકી છે



૩૦ વર્ષની અરૂણિમા ભૂતપૂર્વ નેશનલ વોલીબોલ પ્લેયર રહી ચૂકી છે. તેણે એન્ટાર્કટિકાના સૌથી ઉંચા શિખરને સર કરવાની સિદ્ધિની જાહેરાત ટ્વિટર પર કરી હતી. અરૂણિમાની સિદ્ધિને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવોએ બિરદાવી હતી. માઉન્ટ વિન્સનની ઉંચાઈ ૪,૮૯૨ મીટરની છે.

વર્ષ ૨૦૧૧માં પદ્માવતિ એક્સપ્રેસ ટ્રેનમાં તોફાની તત્વોના ચેન સ્નેચિંગના પ્રયાસનો અરૂણિમાએ વિરોધ કર્યો હતો. જેના કારણે તેને ચાલુ ટ્રેનમાંથી બહાર ફેંકી દેવામાં આવી હતી અને આ દુર્ઘટનામાં તેને એક પગ ગુમાવવો પડ્યો હતો. જોકે આ ઘટના બાદ તેણે હિંમત ન હારી અને પર્વતારોહણ શરૂ કર્યું હતુ. તેણે વર્ષ ૨૦૧૩માં એવરેસ્ટ પર પહોંચવામાં સફળતા હાંસલ કરી હતી.

# એક નજર વન લાઈનર પર..

Active Classes
CREATE YOUR FUTURE

- ☞ પાકિસ્તાનમાં *પંજ*( પાંચ પાણીના કુંડ) *તીર્થસ્થળ*( પાકિસ્તાનમાં આવેલું હિંદુઓનું પવિત્ર સ્થળ) રાષ્ટ્રીય ધરોહર જાહેર કરી
- ☞પાકિસ્તાનના સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે આસિફ સાઈદ ખોસાની નિયુક્તિ કરવામાં આવી.
- ☞ નેપાળના – ચોલેન્દ્ર શમશેર જે.બી રાણા
- ☞પાકિસ્તાનની રાજધાની – ઈસ્લામાબાદ
- ☞ચલણ– પાકિસ્તાની રૂપિયો
- ☞પ્રમુખ– આરીફ અલવી
- ☞વડાપ્રધાન–ઈમરાન ખાન

JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો

# એક નજર વન લાઈનર પર..

- 🔴રાઈટ ટુ એજ્યુકેશન એકટ (RTE-2009)
- ⏩હવે ગુજરાતમાં ધોરણ 5 થી 8 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાશે,
- ⏩જૂન 2019થી ચાલુ થતા નવા શૈક્ષણિક સત્રથી અમલ થશે
- ⏩ધોરણ 6-7માં નાપાસ નહીં કરી શકાય
- ⏩ભારત સરકારે ગુજરાત સરકારની રજૂઆતને ધ્યાનમાં લઈને ધોરણ 5 અને ધોરણ 8ની પરીક્ષામાં વિદ્યાર્થીને નાપાસ કરી શકાશે તેવો આર.ટી.ઈ એકટમાં સુધારો લાવતો ખરડો સંસદમાં સપ્ટેમ્બર 2018માં રજૂ કર્યો હતો

Active Classes
CREATE YOUR FUTURE
JOIN TELEGRAM :-https://t.me/Activeclasses. SUBSCRIBED:- YOUTUBE/ACTIVE CLASSES
PDF મટીરીયલ મેળવવા માટે Play store માથી Active Classes નામની app ડાઉનલોડ કરો